# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/૩૫૭ તા.૧૯.૦૩.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં.૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૫/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી લાભુબેન જીવાભાઈ કાછેલા ગામ – સવની

સબડીવીઝન: પ્રભાસ પાટણ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: શનીવાર (૧૯-૦૨-૨૦૨૨)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદાર વેરાવળ તાલુકાનાં સવની મુકામે રહીએ છીએ અને ખેતીની જમીન ધરાવીએ છીએ, અમો અરજદાર ખેતીવાડી વિષયકનું વિજજોડાણ ધરાવીએ છીએ જેના ગ્રાહક નંબર ૮૧૨૦૧/૦૫૧૯૭/૫ છે, અમો અરજદાર દ્વારા સદર વિજજોડાણ ના લોડ ઘટાડવા માટે સને -૨૦૧૭માં અરજી મંજૂર કરવામાં આવેલ અને સદર અરજી અન્વયે અમોને વીજ ઘટાડવા માટેનો ચાર્જ રૂપિયા ૨૦૦/- અંકે રૂપિયા બસો પૂરા તા. ૧૩/૦૭/૨૦૦૧૭ના ભરપાઈ કરવામાં આવેલ છે. અમો અરજદારે તા. ૧૩/૦૭/૨૦૧૭ ના રોજ રકમ ભરપાઈ કરવામાં આવેલ હોય અને ત્રણ વર્ષ ઉપરાંત નો સમય થઈ ગયેલ હોવા છતાં પી.જી.વી.સી.એલ. કચેરી પ્રભાસ પાટણ દ્વારા અમોના ખેતીવાડીના વિજજોડાણનો લોડ ઘટાડવામાં આવેલ નથી અમો અરજદરના પતિ જીવાભાઇ પરબતભાઈ કાછેલાએ અવાર નવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરેલ હોવા છતાં વીજ જોડાણમાં લોડનો કરવામાં આવેલ નથી અમો અરજદાર દ્વારા પી.જી.વી.સીએલ. પ્રભાસ પાટણ કચેરી એ તમામ દસ્તાવેજો પૂરા પાડેલ હોય અને તે અનુસંધાને લોડ ઘટાડવાની અરજી મંજૂર કરવામાં આવેલ અને ચાર્જ ચૂકવાનો હુકમ કરેલ અને જે હુકમ અન્વયેની રકમ પણ ભરપાઈ

કરી આપેલ હોય જેથી અમો અરજદારનું ઉપરોક્ત જણાવેલ ગ્રાહક નંબરવાળા વીજ જોડાણમાં લોડ ઘટાડો કરી આપવા પી.જી.વી.સી.એલ. કચેરી, પ્રભાસ પાટણને તથા તેની એક નકલ કાર્યપાલક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. ડિવિઝનલ ઓફિસ વેરાવળને તારીખ ૧૮/૧૦/૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે, તેમ છતાં પી.જી.વી.સી.એલ. પ્રભાસ પાટણ તથા વેરાવળ દ્વારા લોડ ઘટાડવામાં આવેલ નથી, જેથી હાલની આ અરજી આપશ્રી ને કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.આમો અરજદારની લોડ ઘટાડાની અરજી મંજૂર થયા બાદ અમો દ્વારા પૂરેપુરી રકમનું વીજ બિલ ભરપાઈ કરવામાં આવેલ છે, જે ભરપાઈ કરેલ વીજ બિલની રકમ મજરે આપવા અરજ છે તેમજ હાલની આ અરજી આપને માળ્યેથી અમો અરજી મુજબ અમારો વિજભારનો લોડ ઘટાડવા કાર્યવાહી કરવા હુકમ ફરમાવવા અરજ છે.આ સાથે નાયબ ઈજનેરશ્રી, પી,જી,વી,સી,એલ, સબ ડિવિઝન કચેરી પ્રભાસ પાટણ તથા કાર્યપાલક ઈજનેરશ્રી પી,જી,વી,સી,એલ, ડિવિઝન કચેરી વેરાવળ ને આપેલ અરજીની નકલ રજૂ છે.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી લાભુબેન જીવાભાઇ કાછેલા મુસવની તા.વેરાવળ દ્વારા તેમના વીજ કનેશન માં વિજભાર ઘટાડો ન થવા સબબ ફરીયાદ કરવામાં આવેલ ત્યારબાદ પ્રભાસ પાટણ પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદાર શ્રી ને કંપની ના નીયમો અંગે માહીતગાર કરવામાં આવેલ અને તેમની ફરીયાદ નું સંતોષકારક નીરાકરણ કરવામાં આવેલ જે અંગે અરજદાર શ્રી ની ફરીયાદ પરત ખેચવાની અરજી આ સાથે સામેલ છે. અને રજુઆતનું નિરાકરણ કરેલ છે. જે અંગેની તા. ૧૭.૦૧.૨૦૨૨ ની સમાધન પુરશીસ આ સાથે સામેલ છે.

૨.૧ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી એ તા. ૧૭.૦૧.૨૦૨૨ ફરિયાદ નું સુખદ નિવારણ થયેલ છે. જેથી આગળ આ કેસ હવે આગળ ચલાવવાનો રહેતો નથી.તથા તા. ૧૭.૦૧.૨૦૨૨ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.0 અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની પ્રભાસપાટણ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ વેરાવળ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૧૭.૦૧.૨૦૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન